# <u>ટૂંકી મુદતનો પ્રશ્ન</u>

## બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં વિદેશમાં રહી પગાર મેળવતા શિક્ષકો

**ટૂં.મુ.15/5/26** શ્રી કાંતિભાઇ ખરાડી (દાંતા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૧૦-૦૮-૨૦૨૪ની સ્થિતિએ બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં તાલુકાવાર છેલ્લા છ માસમાં વિદેશમાં રહી સરકારનો પગાર મેળવતાં હોય તેવા સરકારી પ્રાથમિક શાળાઓ તથા સરકારી અને ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના કેટલા શિક્ષકો ધ્યાને આવ્યા,

(૨) ઉક્ત શિક્ષકો કેટલા સમયથી વિદેશમાં હોવા છતાં પગાર લેતાં હોવાનું સામે આવ્યું, અને

(3) ઉક્ત સ્થિતિએ ઉક્ત શિક્ષકો સામે શી ખાતાકીય તેમજ અન્ય કાર્યવાહી કરવામાં આવી ?